


# ભોળો ભટ

– ગિજુભાઈ બધેકા

ભોળા ભટ કાશીએ જઈને ભણતર ભણી આવેલા. શાસ્ત્ર જાણે ને કથા–વારતાય આવડે. ભોળા ભટ એક વાર પરગામ કથા વાંચવા નીકળ્યા. જઈને ગામને ચોરે ઉતારો કર્યો. ત્યાં તો ગામના પટેલિયા ભેળા થયા. ને ભટજીને તો ડેલીએ તેડી ગયા. સારા ઉતારા આપ્યા અને સીધાંપાણી મોકલીને ભટને સારી પેઠે જમાડયા.

જમી કરી ભટજી ડેલીએ આવ્યા. પટેલિયા કહે : ભટજી ! કેમ આવવાં થયાં ?

ભટ કહે : જે કહેવાય તે ભાગવત તો મહારસ છે. એમાં શ્રીકૃષ્ણ ભગવાનની લીલાનું વર્ણન છે. આ એનું પારાયણ કરવા અમે આવ્યા છીએ.

પટેલિયા કહે : બહુ સારું. આ આપણે ચોરે રોજ રાતે તમે કથા કરજો, પણ એક વદાડ છે. જો ‘હરે નમઃ’ (હરયે નમઃ) કરતાં અમે થાકીએ તો તમને પાંચસો રૂપિયા શીખમાં દેવા, ને જો ભાગવત વાંચતાં તમે થાકો તો તમારે અહીં ભાગવત મૂકીને જવું.

ભટ કહે : ભલે, કાંઈ વાંધો નહીં. આપણે વદાડ કબૂલ છે.

બીજે દિવસે ભટે તો ભાગવતનું પારાયણ શરૂ કર્યું. ભટ તો સંસ્કૃત શ્લોક વાંચતાં જાય, અર્થ કરતાં જાય ને સમજાવતાં જાય. બધું સમજાવી રહે ત્યારે પટેલિયા બોલે ‘હરે નમઃ’. ભટને તો કેટલુંયે વાંચવાનું, ઘણું બોલે ત્યારે પટેલિયાને તો એક વાર ‘હરે નમઃ’ જ કહેવાનું.

ભટ તો વાંચતાં–વાંચતાં થાક્યા. છ દિવસ તો કથા વાંચી પણ સાતમે દિવસે ભટજીનો સાદ બેસી ગયો. ઘણું કરે, પણ ગળું ઊઘડે તો કે ? પટેલિયા તો બેઠા બેઠા ‘હરે નમઃ’ કરતા. ભટ તો હારી ગયા. પટેલિયા કહે : લ્યો, ભટજી ! પોથી મૂકીને પધારો !

ભટજી શું કરે ? ભાગવત મૂકીને ઘેર ગયા. ઘેર જઈને મોટાભાઈને માંડીને બધી વાત કરી.

ભાઈ કહે : ઠીક છે, જવા દે. એ જ ગામમાં જાઉં ને ભાગવત પાછું લાવું તો જ હું ખરો. આ ભાઈ કાંઈ ભણેલા–ગણેલા નહીં, કોણ જાણે પૂરી હાથજોડ કરાવતાં આવડતી હોય તો ! બાકી ડિંગળશાસ્ત્ર જાણે, ગપ્પેગપ્પાં લગાવે ને ગામડાના માણસોને બરાબર સમજાવી જાણે. ભાઈએ તો એ જ ગામમાં જઈને ચોરે બેઠેલા પટેલિયાઓને ‘રામ રામ’ કર્યા. પટેલિયા તો પગે લાગ્યા ને કહે : રામ રામ. બેઠા કરાવ્યા પછી પટેલિયાઓએ મહેર કરી કહ્યું : કાં ભટજી ! કથા વાંચવા આવ્યા છો કે ? આ એક ભટ તો ભગવત મૂકીને ગયા છે. તમારેય ભાગવત મૂકીને જવું હોય તો માંડો વાંચવા.

ભટ કહે : બધાય સરખા ન હોય. કથા–કથાએ ફેર હોય ને ? હું તો ડિંગળશાસ્ત્ર ભણ્યો છું. એવું તો કોક જ ભણ્યા હોય ને ?

પટેલિયા કહે : પણ આ અમારો વદાડ સમજ્યા ? આ અમે ‘હરે નમઃ’ કરતાં થાકીએ તો તમને પાંચસો રૂપિયાની શીખ આપીએ, ને તમે વાંચતા–વાંચતાં થાકો તો તમારે ભાગવત મૂકીને ચાલ્યા જવું. છે કબૂલ ?

ભટજી કહે : એમ જ હોય ને ? પણ એક વદાડ વધારે. જો હું જીતું તો પેલું ભાગવત મને ઉપરિયામણમાં આપવું.

પટેલિયા કહે : ઠીક.

બીજે દિવસે ભટે તો કથા વાંચવા માંડી : જે કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાન ગરુડ ઉપર બેસે. ગરુડ તો એમનું વાહન કહેવાય.

પટેલિયા કહે : હરે નમઃ.

આ ગરુડ પંખી તો આ મુલકમાં પંખીઓનો રાજા કહેવાય.

હરે નમઃ.

આ કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાને એક દિવસ પૂછ્યું...એ ગરુડજી ! તમારે કાંઈ નાતબાત ખરી કે ?

હરે નમઃ.

આ ગરુડજી ઉત્તર આપે છે : હે મહારાજ ! મારે નાત તો છે, પણ બધાએ મળીને મને નાત બહાર મૂક્યો છે.

હરે નમઃ.

આ જે કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાને બધાં પંખીને ભેગાં કર્યાં. આજે કહેવાય તે પાંચસો બૂંગણનો મોટો કોથળો સિવડાવ્યો ને એમાં બધાં પંખીને પૂર્યાં.

હરે નમઃ.

આ એ પંખીઓ તો બધાં કોથળાની અંદર કીવી કીવી કરવા માંડયાં.

હરે નમઃ.

ત્યાં તો કોથળામાં એક ફાંકું રહી ગયેલું.

હરે નમઃ.

આ પછી એક ફાંકામાંથી જે કહેવાય તે એક પંખી ઊડયું અને ફરરરરર.

હરે નમઃ.

આ કહેવાય તે પછી બીજું પંખી ઊડયું ને ફરરરરર.

હરે નમઃ.

આ ત્રીજું ઊડયું ને ફરરરરર.

હરે નમઃ.

આ ચોથું ઊડયું ને ફરરરરર.

હરે નમઃ.

આ પાંચમું ઊડયું ને ફરરરરર.

હરે નમઃ.

ભટનું તો ''ફરરરરર'' ચાલ્યું ને પટેલિયાનું ''હરે નમઃ'' ચાલ્યું.

એમ કરતાં પટેલિયાનાં તો મોઢાં દુખવા આવ્યાં ને પટેલિયા તો ''હરે નમઃ''ને બદલે ''ફરરરરર'' બોલવા માંડયા. ભટે પુસ્તક–પાનાં બંધ કર્યાં ને પછી કહે : તમે હાર્યા. હવે પેલું ભાગવત અને શીખ મૂકી દો.

પટેલિયાઓ પાસેથી ભાગવત અને શીખ લઈને મોટો ભાઈ ઘેર પાછો આવ્યો અને ભાગવત નાના ભાઈને સોંપ્યું.

■